ગાંધીનગર સમાચાર
Regd. No. GNR/65-G0

# શહેરમાં એક વર્ષમાં ૧૧૧ માર્ગ અકસ્માતમાં ૨૫એ જીવ ગુમાવ્યા

**માર્ગ સલામતીને સ્પર્શતા જોખમી પરિબળો દુર કરવા અનિવાર્ય : માર્ગ અકસ્માતમાં જીવ ગુમાવનારને શ્રધ્ધાંજલિ અર્પવા તેમજ રોડ સેફટીના મામલે જનજાગૃતિ કેળવવા કાર્યક્રમ**

ગાંધીનગર તા ૨૦

ગાંધીનગરમાં વાહનોની સંખ્યામાં વધારો થયો છે જેના લીધે માર્ગો પર ટ્રાફિકનો સિનારીયો બદલાયો છે. ત્યારે પૈડા પરની જિન્દગી વધુ જોખમી બની છે. માર્ગ સલામતીના મામલે જનજાૃતિ કેળવવા દરવર્ષે ઉજવણી કરવામાં આવે છે. આમછતા હજુ સુધી માર્ગ સલામતીના મામલે ગાંધીનગરમાં ચિંતાજનક આંકડા ધ્યાને આવી રહ્યા છે. વર્ષ ૨૦૨૦ દરમિયાન શહેરમાં ૧૧૧ માર્ગ અકસ્માતના બનાવોમાં ૨૫ વ્યકિતઓએ જીવ ગુમાવ્યો છે. ત્યારે રોડ સેફટીના મામલે નગરજનોએ સાવધાન રહેવાની અનિવાર્યતા છે. ૨૧ નવેમ્બર શ્રધ્ધાંજલિ દિવસની ઉજવણી અન્વયે પોલીસ વિભાગ દ્વારા માર્ગ સલામતીમાં જીવ ગુમાવનાર મૃતકોને શ્રધ્ધાંજલિ આપી માર્ગ સલામતીના મામલે જનજાગૃતિ કેળવવા માટે પણ પ્રયાસ કરાશે.

ગાંધીનગરમાં પૈડા પરની જિન્દગી જોખમી બનતી જાય છે. એકબાજુ શહેરમાં રોડ નેટવર્ક અપગ્રેડ કરવામાં આવી રહ્યુ છે. જયારે વર્ષોના અંતે છેલ્લા પાંચ વર્ષથી શહેરમાં ટ્રાફિક સિગ્નલ પણ જબુકતા થયા છે. પરંતુ હજુ સુધી ગતિ નિયંત્રણના મામલે સ્થિતિ ગંભીર છે. જયારે વધતા માર્ગ અકસ્માતોની સાથે મુખ્યમાર્ગો પર અસ્તિત્વ ધરાવતા ક્રોસ રસ્તાઓ પણ જોખમી પુરવાર થઈ રહ્યા છે. અગાઉ આ મામલે સર્વે હાથ ધરીને મુખ્યમાર્ગો પરના ક્રોસ જંકશન બંધ કરવા માટે પણ ગતિવિધિઓ હાથ ધરવામાં આવી હતી પરંતુ હાલ પણ નગરના મુખ્ય ઘ અને ચ માર્ગ પર સેકટરોના એપ્રોચ માર્ગો પરથી આવતા વાહનો ગમે ત્યારે અકસ્માતને ભેટી જાય તેવી સ્થિતિ છે. આ ઉપરાંત ગતિ નિયંત્રણની સાથે ટ્રાફિકના નિયમોનુ યોગ્ય પાલન કરવામાં ઉદાસીનતા સેવતા વાહનચાલકો પણ અકસ્માત નોંતરે છે. શહેરમાં એકબાજુ પાર્કીંગ સેન્સના અભાવ વચ્ચે ટ્રાફિક જામના દ્રશ્યો પણ જોવા મળે છે. છેલ્લા દોઢ દાયકામાં વાહનોની સંખ્યા બમણાંથી પણ વધુ થઈ જતા ટ્રાફિક સિનારિયો બદલાયો છે. જેની સામે રોડ નેટવર્ક પણ અપગ્રેડ કરાયુ છે જયારે સેકટરોમાં પણ એપ્રોચ માર્ગને ફોરટ્રેક બનાવાનુ કામ ચાલી રહ્યુ છે. પરંતુ હાલ પણ મુખ્યમાર્ગો પર ક્રોસ રસ્તાઓ અસ્તિત્વ ધરાવે છે જે મામલે હજુ સુધી સર્કલ ટુ સર્કલ એન્ટ્રી અંગે કોઈ આયોજન કરાયુ નથી. આ ઉપરાંત કેટલાક જરૂરી ઠેકાણે બમ્પ બનાવાના મામલે પણ ઉદાસીનતા સેવાઈ રહી છે. શહેરમાં માર્ગ સલામતી અંગે જાગૃતિ કેળવાય તે માટે શહેર વસાહત મહામંડળ તેમજ જિલ્લા ટ્રાફિક

● અનુસંધાન પાન-૭ પર

# ગાંધીનગર દેશની 'સ્વચ્છ રાજધાની'

**વિજ્ઞાનભવનમાં સ્વચ્છતા સર્વેક્ષણના એવોર્ડ ગાંધીનગર મનપાની ટીમે સ્વીકાર્યા : ૧ લાખથી વધુ ૧૦ લાખથી ઓછી વસ્તી ધરાવતા શહેરોમાં ૬ઠ્ઠા સ્થાને : થ્રી સ્ટાર રેટીંગ પણ મેળવ્યુ**

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર મહાનગરપાલિકાને આજે દેશની



સ્વચ્છ રાજધાનીના ખિતાબથી સન્માનિત કરવા સાથે થ્રી સ્ટાર રેટીંગ પણ આપવામાં આવ્યુ છે.

સ્વચ્છતા સર્વેક્ષણ ૨૦૨૧ના આજે જાહેર થયેલા વિજેતાઓને મહામહીમ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદના હસ્તે વિજ્ઞાનભવન દિલ્હી ખાતે યોજાયેલા સાદા છતાં દબદબાભર્યા સમારોહમાં સન્માનિત કરવામાં આવ્યા હતા.

ગાંધીનગર મનપાને આજે સ્વચ્છતા સર્વેક્ષણમાં કુલ ૩ એવોર્ડ મળ્યા છે. ૧ લાખથી વધુ પણ ૧૦ લાખથી ઓછી વસ્તી ધરાવતા શહેરોમાં ગાંધીનગરનો ક્રમ ૬ઠ્ઠો આવ્યો છે. જે ગત વર્ષે ૮મા ક્રમે હતુ. આમ ગાંધીનગર શહેરમાં સ્વચ્છતા અભિયાન વેગીલુ બન્યુ છે.

૧ લાખથી વધુ વસ્તી ધરાવતા શહેરોમાં સ્વચ્છતા અંગે ગાંધીનગરનો ક્રમ ૧૧મો આવ્યો છે. જે ગત વર્ષે ૧૫મા ક્રમે હતુ.

આજે વિજ્ઞાનભવન ખાતેના કાર્યક્રમમાં મ્યુનિ. કમિશનર ડૉ. ધવલ પટેલ, મેયર હિતેષ મકવાણા તેમજ અધિકારીઓની ટીમે આ એવોર્ડ સ્વીકાર્યા હતા.

સ્વચ્છતા સર્વેક્ષણમાં આવરી લેવામાં આવેલા ૪૩૨૦ શહેરોમાં ગાંધીનગરનો ક્રમ ૧૪મા નંબરે આવ્યો છે.

સ્વચ્છ ભારત મિશન અર્બનના ઉદ્દેશ્યોને હાંસલ કરવા માટે આવાસ અને શહેરી બાબતોના મંત્રાલય દ્વારા વર્ષ ૨૦૧૬માં સ્વચ્છતા ઘન કચરાના વ્યવસ્થાપન તેમજ નાગરિકોના જોડાણ વગેરે વિવિધ પરિમાણો ધ્યાને રાખી શહેરો માટે સ્વચ્છ સર્વેક્ષણ હાથ ધરવામાં આવે છે. અત્યાર સુધી ૬ સર્વેક્ષણ થયા છે.

૨૦૨૧માં ગાંધીનગર એ સૌથી સ્વચ્છ પાટનગર તરીકેનો એવોર્ડ પ્રાપ્ત કરેલ છે. ગાર્બેજ ફ્રી સીટી સ્ટાર રેટીંગ સર્ટિફિકેશન સ્વચ્છ સર્વેક્ષણ હેઠળ શહેરની કામગીરીનું મૂલ્યાંકન કરવામાં આવે છે. ગાર્બેજ ફ્રી સીટી સ્ટાર રેટીંગમાં ૩ સ્ટાર રેટીંગ ગાંધીનગરે પ્રાપ્ત કર્યુ છે.

સ્વચ્છ સર્વેક્ષણ હેઠળ ખુલ્લામાં શૌચમુકત શહેરનું પ્રમાણપત્ર પણ એક મહત્વપૂર્ણ ઘટક છે. ઓડીએફ સીટી સર્ટિફિકેશનમાં ગાંધીનગર મનપાને ઓગષ્ટ ૨૦૨૧માં ઓ.ડી.એફ. ટુ સ્ટારનું પ્રમાણપત્ર આપવામાં આવ્યુ હતુ.

ગાંધીનગર મનપાને આજે મળેલા એવોર્ડને કારણે મનપાની કચેરીમાં ખુશીનો માહોલ છવાઈ જવા પામ્યો છે. શહેર ભાજપ એકમે પણ આ પરિણામોને ફૂલડે વધાવ્યા છે. મનપ સ્થાયી સમિતિના ચેરમેન જશુભાઈ પટેલ તથા ડે. મેયર પ્રેમલસિંહ ગોલે આનંદ વ્યક્ત કરતાં આ સિદ્ધિ માટે મનપા ટીમને અભિનંદન આપી વધુ સારૂ કાર્ય કરવા કટિબદ્ધ બનીએ તે સંકલ્પ સાથે આગળ વધવા જણાવ્યુ છે.

# ગાંધીનગર થી કલોલ વિજાપુર રૂટમાં ટ્રાફિક વધુ પરંતુ બસ સેવાનો અભાવ

**દર કલાકે મુસાફરોને બસ મળી રહે તે મુજબનુ આયોજન કરવા રજુઆત : નોકરિયાત અને વિદ્યાર્થીઓને વધુ હાલાકી**

ગાંધીનગર તા ૨૦

ગાંધીનગર ડેપોમાંથી દોડતી એસ ટી બસોના સંચાલનમાં જરૂરી ફેરફાર કરવો અનિવાર્ય હોવાનો સુર ઉઠવા પામ્યો છે. ગાંધીનગર આસપાસના ગામો સુધી સલામત સવારીની સેવા નસીબ ન થતી હોવાનો આક્રોશ પણ પ્રબળ બન્યો છે જયારે કલોલ વિજાપુર રૂટમાં પણ વિશેષ ટ્રાફિક રહેતો હોવાછતા આ રૂટમાં પુરતી બસો દોડતી નથી જેના લીધે રોજબરોજ મુસાફરોએ ખાનગી વાહનોમાં જવાની ફરજ પડે છે. આ રૂટમાં દર એક કલાકે બસ સેવા ઉપલબ્ધ થાય તે મુજબની પણ માંગણી કરવામાં આવી છે.

ગાંધીનગર આસપાસના વિસ્તારમાં અવરજવર કરવા માટે પુરતી બસ સેવા ઉપલબ્ધન ન હોવાનો આક્રોશ ઉઠવા પામ્યો છે. જેના લીધે અપડાઉન કર્તાઓ તેમજ વિદ્યાર્થીઓએ ખાનગી વાહનોના આધારે કામ ચલાવવુ પડે છે. ગાંધીનગર ડેપોમાંથી શહેર તેમજ આસપાસના ગામો તરફ જવા માટે બસો દોડતી નથી શહેર આસપાસના ગામોમાંથી પણ વિદ્યાર્થીઓ તેમજ નોકરિયાતો મોટી સંખ્યામાં ગાંધીનગર આવે છે. પરંતુ કોરોના કાળમાં આ રૂટમાં બસ સેવા સદંતર ખાડે ગઈ હોવાનો સુર ઉઠી રહ્યો છે. જેના લીધે વિદ્યાર્થીઓએ પોતાના વાહન કે અન્ય ખાનગી વાહનોના આધારે અપડાઉન કરવુ પડે છે. છેલ્લા ઘણાં દિવસોથી ગાંધીનગરથી કલોલ તેમજ વિજાપુર જવા માટે પણ પુરતી બસ સેવા ઉપલબ્ધ થતી નથી બીજીતરફ આ રૂટમાં રોજબરોજ વિશેષ ટ્રાફિક જોવા મળે છે. ગાંધીનગર ડેપો કક્ષાએથી વિજાપુર કલોલ રૂટમાં દર એક

● અનુસંધાન પાન-૭ પર

# ચિંતા વધી : સે.૮ માં ૧૬ વર્ષીય યુવતીનો કોરોના રિપોર્ટ પોઝીટીવ

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર શહેરમાં આજે સતત ત્રીજા દિવસે પણ કોરોનાનો વધુ એક કેસ મળી આવતાં તંત્ર સતર્ક બની ગયુ છે.

**સતત ત્રીજા દિવસે કેસ નોંધાતા ચોંકેલા તંત્રએ સઘન સર્વેલન્સ અને સોશ્યલ ડિસ્ટન્સીંગ જાળવવા સૂચનાઓ આપી**

શહેરના સે. ૮ માંથી ૧૬ વર્ષીય યુવતીનો કોરોના રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ યુવતીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. શહેરમાં ધીમી ગતિએ કોરોનાની એન્ટ્રી જે થઈ છે તેનાથી તંત્ર ચિંતીત બન્યુ છે અને સતર્ક થયેલા તંત્રએ સોશ્યલ ડિસ્ટન્સીંગના નિયમોની અમલવારી સાથે ફરજીયાત માસ્કના નિયમની અમલવારી અસરકારક બનાવવા માટેની સૂચનાઓ આપી છે.

શહેરના સે. ૮ માં નોંધાયેલ દર્દી વિદેશ પ્રવાસેથી પરત ફરેલ હોવાનું જાણવા મળેલ છે. આ દર્દીને ઠંડી લાગવી, તાવ આવવો તેમજ કફ થઈ ગયો હોવાથી ટેસ્ટ કરાવતાં કોરોના પોઝીટીવનો રિપોર્ટ આવ્યો હોવાનું જાણવા મળેલ છે.

શહેરમાં આજે મળેલ દર્દી સાથે હવે એકટીવ કેસોની સંખ્યા પણ વધીને ૩ થઈ છે. ત્રણેય દર્દી હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ છે. તંત્રએ હોમ આઈસોલેશનના નિયમોની અમલવારી થાય તેમજ સઘન સર્વેલન્સ ટીમો દ્વારા કરવામાં આવે તે માટે પણ સૂચનાઓ જારી કરી છે.

શહેરમાં જે રીતે દર્દીઓ મળી રહ્યા છે તેનાથી કોરનાનો થર્ડ વેવ તો નહિ આવે ને તેને લઈ તંત્ર ચિંતામાં ગરકાવ થઈ ગયુ છે.

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં ઘ-૫ સ્થિત 'ઓપન એર થિયેટર' મનપાને સોંપવાની દરખાસ્ત હજુ પેન્ડીંગ

**જાળવણી અને ઉપયોગના અભાવે ખંડેર બનેલુ ઓપન એર થિયેટર કચરાના ઢગ નીચે ધરબાયુ : હરિયાળીને પણ સુકારો લાગી ગયો : છેલ્લા એક દાયકાથી બિન ઉપયોગી બનેલા થિયેટરનો નાગરિકો અને કોર્પોરેશને સ્વીકાર કર્યો નથી**







ગાંધીનગર તા ૨૦

શહેરના હાર્દસમા વિસ્તારમાં સ્થિત ઓપન એર થિયેટરનો છેલ્લા એક દાયકાથી કોઈ ઉપયોગ થતો નથી. અડધા કરોડના ખર્ચે નિર્માણ કરાયેલુ ઓપન એર થિયેટર બિન ઉપયોગી પુરવાર થયુ છે. જાળવણી અને ઉપયોગના અભાવે ખંડેર બનતુ થિયેટર હાલ કચરાના ઢગ નીચ ધરબાયેલુ છે. જયારે માર્ગ મકાન વિભાગે આ પ્રોજેકટ કોર્પોરેશને સોંપી દેવા કરેલી દરખાસ્ત પણ એક વર્ષથી પેન્ડીંગ છે.





શહેરના હાર્દ સમા વિસ્તારમાં સ્થિત ઓપન એર થિયેટરના નિર્માણ પાછળ લાખો રૂપિયાનો ખર્ચ કરાયો છે. જયારે ઓપન એર થિયેટર એક દાયકાથી વધુ સમયના અંતે પણ બિન ઉપયોગી પુરવાર થતા તંત્ર સામે પણ અનેક સવાલો ઉભા થયા છે. શહેરના હાર્દસમા વિસ્તારમાં ઓપન એર થિયેટર બનાવવા માટે અંદાજિત ૧૨ વર્ષ અગાઉ રૂ ૫૫ લાખનો ખર્ચ કરાયો હતો સાંસ્કૃતિક કાર્યક્રમો તેમજ સમારંભો માટે નિર્માણ કરાયેલા ઓપન એર થિયેટરને ભાડેથી આપવાની શરતોના મામલે પણ અત્યાર સુધી ફેરફાર કરાયો છે. જયારે લગ્નસમારંભમાં પણ થિયેટર ભાડે આપવા માટે નિર્ણય લેવાયા બાદ પણ છેલ્લા એક દાયકાથી વધુ સમયથી આ પ્રોજેકટ બિન ઉપયોગી જ રહેતો હોવાનુ ચિત્ર સ્પષ્ટ થયુ છે છેલ્લા ૧૦ વર્ષમાં આંગણીના વેઢે ગણી શકાય તેટલા કાર્યક્રમો પણ આ ઠેકાણે થયા નથી. ત્યારે તંત્ર માટે હવે ઓપન એર થિટેટરની જાળવણી કરવાનુ પણ ખાતર માથે દિવા સમાન બન્યુ છે. ઓપન એર થિયેટરની જાળવણી પણ લાંબા સમયથી થતી નથી જેના લીધે આ ઠેકાણે હાલ ઉકરડો જોવા મળે છે. ઓપન એર થિયેટરના ગેટ પાસે જ કચરાના ઢગ ખડકાયા છે. બિન જરૂરી વનસ્પિત પણ ઉગી નિકળવાની સાથે હરિયાળીને પણ સુકારો લાગી ગયો છે. શૌચાલય પણ ગંદકીથી ખદબદી રહ્યુ છે. ઉપયોગ અને જાળવણીના અભાવે ખંડેર બનતા ઓપન એર થિયેટરના નિર્માણ પાછળનો ખર્ચ પાણીમાં ગયો છે.

ત્યારે આ પ્રોજેકટને લોકઉપયોગી બનાવવા માટે લાંબા સમયથી કોઈ યોજના પણ અમલમાં મુકાતી નથી બીજીતરફ માર્ગ મકાન વિભાગે ઓપન એર થિયેટરને કોર્પોરેશનને સોંપી દેવા માટે કરેલી દરખાસ્ત પણ હજુ સુધી સ્વીકારવામાં આવી નથી જેના લીધે હાલ ઓપન એર થિયેટરની જાળવણી તરફ પણ દુર્લક્ષ્ય સેવાઈ રહ્યુ છે. શહેરમાં એકબાજુ સ્વચ્છ અને નિર્મળ નગરની વાતો વચ્ચે સેકટરોમાં શેરી સફાઈ પણ યોગ્ય રીતે થતી નથી બીજીતરફ આમ નાગરિકોના ઉપયોગ માટે નિર્માણ કરાયેલુ ઓપન એર થિયેટર કચરાના ઢગ નીચે ધરબાઈ ગયુ છે.

**બે મહિના બાદ પણ સપ્તાહના એક દિવસની**

# ફિલ્ડ વીઝીટમાં અધિકારીઓની ઉદાસીનતા સામે કલેક્ટર નારાજ

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર જિલ્લામાં સંકલન અને ફરિયાદ નિવારણ સમિતિની આજની બેઠકમાં સપ્તાહમાં એક દિવસ અધિકારીઓને ફિલ્ડ વીઝીટ કરી અને તે અંગેનો અહેવાલ આપવા જણાવાયુ હોવા છતાં બે મહિનાને અંતે ૩૦ થી વધુ અધિકારીઓ નહિ ગયાનું જણાતાં જિલ્લા કલેકટર ડૉ. કુલદીપ આર્યએ આજે સખ્ત નારાજગી વ્યક્ત કરી હતી.

**જો આ સિલસિલો ચાલુ રહેશે તો નાછૂટકે તેમને કાર્યવાહી માટે આગળ વધવાની ફરજ પડશે : જિલ્લા કલેક્ટરે સી.એમ. ડેશબોર્ડમાં વિવિધ શાખાઓ દ્વારા અપડેટેશન નહિ થતુ હોવાને લઈ પણ નારાજગી વ્યક્ત કરી : યોજનાકીય લક્ષ્યાંકો ઝડપથી પૂર્ણ કરવા તેમણે જણાવ્યુ**

આજની આ સંકલન બેઠકમાં ધારાસભ્યો ગેરહાજર હોવાથી કલેક્ટરશ્રીએ જ આ બેઠકમાં વિવિધ સમીક્ષાના તેમના તારણોમાં આ તારણ સાથે અધિકારીઓને જણાવ્યુ હતુ કે હવે પછી જો આ સિલસિલો ચાલુ રહેશે તો નાછૂટકે તેમને કાર્યવાહી માટે આગળ વધવાની ફરજ પડશે.

જિલ્લા કલેક્ટરે સી.એમ. ડેશબોર્ડમાં વિવિધ શાખાઓ દ્વારા અપડેટેશન નહિ થતુ હોવાને લઈ પણ નારાજગી વ્યક્ત કરી હતી. તેમણે તંત્રને ઉદાસીનતા ખંખેરવાની સલાહ આપી હતી.

આજની આ બેઠકમાં જિલ્લાના સસ્ટેઈનેબલ ગોલ જે નિયત કરવામાં આવ્યા છે તેને લઈ પણ તેમણે ચર્ચા કરી હતી. આ ગોલ ૧૦૦ ટકા સિદ્ધ થાય તેવો આગ્રહ કરી કહ્યુ હતુ કે જ્યાં પણ કામગીરી નબળી છે તે અધિકારીઓ તેમાં ગતિ લાવે. આપણે આ ગોલ પૂર્ણ કરવાના જ છે.

આ બેઠકમાં બીજા પણ યોજનાકીય લક્ષ્યાંકો ઝડપથી પૂર્ણ કરવા તેમણે જણાવ્યુ હતુ. આજની આ બેઠકમાં ધારાસભ્યો હાજર ન હોવાથી બેઠક ઝડપથી પૂર્ણ થઈ ગઈ હતી.

આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી, અધિક નિવાસી કલેકટરશ્રી તેમજ અન્ય અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિકસ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેકટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com